| GJRJ070008172025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૦ ૨૩ |

**મહે.ઉપલેટાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સાહેબની કોર્ટમાં, જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબરઃ૬૨૩/૨૦૨૫.**
**આંક-૧૬**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર.

**: : વિરુદ્ધ : :**

**આરોપીઃ-** સાગરભાઇ નાથાભાઇ મારૂ
રહે. ઢાંકની ગારી, શીવ શકિત સોસાયટી, ઉપલેટા.

**ગુનોઃ- પ્રોહિબિશન એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) મુજબ.**

----------------------------------------

**<u>ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.એમ.ટાંક.</u>**
**<u>આરોપીપક્ષે વિ.વ.શ્રી કે.આર.રાણીંગા.</u>**

----------------------------------------

**: : ચુ કા દો : :**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** તા.૨૦/૦૪/૨૦૨૫ ના કલાક ૧૮.૪૦ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા જુના પોરબંદર રોડ રચના સ્કુલ પાસે આ કામના આરોપીએ પોતાના હવાલાવાળા હોન્ડા એકટીવા મો.સા. રજી.નં.જીજે-૦૩-એનજે-૦૮૮૭ જેના ચેસીસ નં.એમએજજેકે૧૫૬એઆરડબલ્યુ૪૮૯૦ વાળામાં દેશી દારૂ લી.-૧૨ કિ.રૂ.૨૪૦૦/- નો વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજામાં રાખી હોન્ડા એકટીવા મો.સા. કિ.રૂ.૪૫,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૪૭,૪૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા, ગુનો કરેલ હોય, **જેથી ફરિયાદીએ સરકાર તરફે ધી પ્રોહિબિશન એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેની ફરિયાદ**

**દાખલ કરેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.**

(૨) **ત્યારબાદ સદરહુ ગુના સબબ આરોપીને સમન્સ કાઢતાં,** સદરહુ સમન્સ આરોપીને બજી જતાં આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. **ત્યારબાદ આ કામના આરોપી સામેના ગુના અંગેનું આંક–૩ થી તહોમતનામું ફરમાવી, આંક–૪ સુધી આરોપીની પ્લી નોંધવામાં આવેલ** જે દરમ્યાન આરોપીઓએ ગુનાની હકીકતનો ઈનકાર કરેલ. જેથી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ જયદીપભાઈ હમીરભાઈ ચૌહાણની જુબાની | ૬ |
| ૨ | અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૭ |
| ૩ | પંચ સાહેદ રાજ નારણભાઈ ભારાઈની જુબાની | ૮ |
| ૪ | ફરિયાદી વિજયસિંહ કનકસિંહ જાડેજાની જુબાની | ૧૨ |
| ૫ | ફરિયાદ | ૧૩ |

(૪) **ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.** જેમાં તેઓને બચાવ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવે છે. તેમજ **તેઓ વિશેષમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.**

**(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.**

**(૬) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** તા.૨૦/૦૪/૨૦૨૫ ના કલાક ૧૮.૪૦ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા જુના પોરબંદર રોડ રચના સ્કુલ પાસે આ કામના આરોપીએ પોતાના હવાલાવાળા હોન્ડા એકટીવા મો.સા. રજી.નં.જીજે-૦૩-એનજે-૦૮૮૭ જેના ચેસીસ નં.એમએજજેકે૧૫૬એઆરડબલ્યુ૪૮૯૦ વાળામાં દેશી દારૂ લી.-૧૨ કિ.રૂ.૨૪૦૦/- નો વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજામાં રાખી હોન્ડા એકટીવા મો.સા. કિ.રૂ.૪૫,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૪૭,૪૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા, **ધી પ્રોહિબિશન એકટની કલમ- ૬૫(એ)(એ), ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

**મુદ્દા નં.૨ શું આખરી હુકમ ?**

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**મુદ્દા નં.૧ નકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

<u>//કારણો//</u>

**(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયતંત્રના સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યા સુધી આરોપી સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તેઓ નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે.** વધુમાં, ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ કરેલ છે તે સાબિત કરવા માંગતા હોય તો સકારાત્મક પુરાવાથી શંકાથી પર

સાબિત કરવું જોઇએ. **આરોપી સામે ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ), ૯૮(૨) મુજબ મુજબનો આરોપ છે ત્યારે ફરિયાદપક્ષે આરોપી સામે તે મુજબના ગુનાના તત્ત્વો સકારાત્મક પુરાવાથી સાબિત કરવા જોઈએ.**

(૯) **ઉપરોકત રેકર્ડ પરનો પુરાવો જોતાં, આંક–૬ થી પંચ સાહેદ જયદીપભાઇ હમીરભાઈ ચૌહાણને તથા આંક–૮ થી પંચ સાહેદ રાજ નારણભાઈ ભારાઈને સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,** પોલીસે તૈયાર પંચનામામાં તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૭ નુ અસલ પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. **આમ, સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા ન હોઈ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.**

(૧૦) **ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૨ થી ફરિયાદી વિજયસિંહ કનકસિંહ જાડેજાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** "ગઈ તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા સ્ટાફના માણસો ખાનગી વાહનમાં ઉપલેટા પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ ખાનગી હકીકતના આધારે જુના પોરબંદર રોડ, રચના સ્કુલ પાસે થી આરોપી સાગર નાથાભાઈ મારૂ રહે. ઉપલેટા વાળા ના કબ્જામાથી એકટીવા મો. સા. રજી. નં. જીજે૦૩ એન.જે. ૦૮૮૭ માંથી દેશી દારૂ લી. ૧૨ કિ. રૂ. ૨૪૦૦/– અને એકટીવા મો. સા. ની કિ. રૂ. ૪૫૦૦૦/– એમ કુલ મુદામાલ રૂ.૪૭૪૦૦/– સાથે મળી આવતા સાથેના હે. કો. એ ધોરણસર અટક કરેલ અને મુદામાલ કબ્જે કરેલ. જે અંગેની અમોએ ઉપલેટા પો. સ્ટે. માં ફરીયાદ રીપોર્ટ સાથે આપેલ. મજકુર ઇસમને ગુનો પ્રોહી. કલમ ૬૫એએ,

૯૮(૨) મુજબ કરેલ હોય કલાક ૧૯.૧૦ વાગ્યે પંચનામાની વિગતે ધોરણસર અટક કરેલ. અમોએ મજકુર ઈસમ સામે શ્રી સરકાર તરફે ફરીયાદ રીપોર્ટ આપેલ. મને ફરિયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ દા.આંક–૧૩ આપવામાં આવે છે. હું આરોપીને ઓળખુ છુ."

**(૧૦.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત જણાવેલ છે કે,** "એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે ત્યા ઘણા બધા માણસો અને વાહનોની અવર જવર થતી હોય છે. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં પંચો રૂબરૂ પંચનામાની વિગત કોઈ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ જ નથી કે આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે અમારી રૂબરૂમાં કોઈ પંચનામુ થયેલ નથી. એ વાત ખરી નથી કે ફરિયાદ મુજબનો કોઈ ગુનો આરોપીએ કરેલ ન હોય કામગીરી બતાવવા આરોપી વિરૂદ્ધ ખોટી ફરિયાદ કરી ફરિયાદને અનુરૂપ ખોટી જુબાની આપુ છુ."

**(૧૧) આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાઓને ધ્યાનમાં લેતાં, આ કામે આંક–૧૨ થી ફરિયાદી વિજયસિંહ કનકસિંહ જાડેજાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ આરોપી તરફે લેવાયેલ ઊલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,** બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે ત્યા ઘણા બધા માણસો અને વાહનોની અવર જવર થતી હોય છે. **આમ, ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારક હકીકત તેમની ઊલટતપાસમાં જણાવતા નથી. તેથી તેઓની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહિ.**

**(૧૨) આમ ઉપર કરેલ ચર્ચા તેમજ રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા પંચ સાહેદ તથા ફરિયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ દ્વારા** આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર પાસ પરમીટ કે

આધાર વગર દેશી દારૂ લી.૧૨ કિં.રૂ.૨૪૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતાં, ગુનો કરેલ હોય, **તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ થયેલ ન હોય, આવા સંજોગોમાં આરોપીને ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ- ૬૫(એ)(એ), ૯૮(૨) ના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી સદરહુ કામે મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

**<u>//હુકમ//</u>**

- આથી આ કામના આરોપી સાગરભાઈ નાથાભાઈ મારૂ, રહે.ઢાંકની ગારી, શીવ શકિત સોસાયટી, ઉપલેટા, જિ.રાજકોટનાઓને **બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧)** અન્વયે તેઓની સામેનો ઉપલેટા પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુના રજિસ્ટર નં.૦૨૭૦/૨૦૨૫, ધી પ્રોહિબિશન એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) મુજબના ગુનામાંથી શંકાનો લાભ છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- **બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧** હેઠળ આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, આજથી છ માસ સુધીમાં તેઓને નામદાર સેશન્સ કોર્ટ, ધોરાજી અગર નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ થવા આદેશ આપવામાં આવે તો તેઓએ હાજર રહેવા અંગે અત્રેની કોર્ટમાં આરોપીએ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા)ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.

- સદરહુ કામે કબજે કરવામાં આવેલ પ્રોહિબિશન અંગેના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે અન્ય કોઈ મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ હોય તો તે કાયમી કરવાનો અને વિકલ્પે મુદ્દામાલ તરીકે કોઇ ચીજવસ્તુ કે દસ્તાવેજો અથવા વાહન કબજે કરવામાં આવેલ હોય તો અપિલ સમય વિત્યા બાદ ચીજવસ્તુ કે દસ્તાવેજ જે વ્યકિત પાસેથી

કબજે લીધેલ છે તેને પરત કરવા અને વાહન નોંધાયેલ માલિકને પરત કરવા.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૨, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

| | |
|---|---|
| **તારીખઃ ૦૨/૦૭/૨૦૨૬.** | **(પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા)** |
| **મુકામઃ ઉપલેટા.** | **જ્યુડી.મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,** |
| | **ઉપલેટા.** |
| | **UIC-GJ01761** |

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.